# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-01-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## નમો લક્ષ્મી યોજના:

"નમો લક્ષ્મી યોજના" હેઠળ રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૫-૨૬માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતી અંદાજે ૧૨ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને 1 હજાર 250 કરોડ રૂપિયાની સહાય કરશે તેમ શિક્ષણ વિભાગે જણાવ્યું છે.

આ યોજનાનો લાભ રાજ્યની સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળા અથવા શિક્ષણનો અધિકાર અંતર્ગત ધોરણ-1 થી 8 નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ-9માં પ્રવેશ મેળવેલ હોય અથવા ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-8નો અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક 6 લાખ રૂપિયા કે તેથી ઓછી હોય તેવી ધોરણ-9માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓ 'નમો લક્ષ્મી યોજના'નો લાભ લઈ શકે છે.

-----------------------------------------------------------------------------------------------

## ધોરડો-સફેદ રણ :ખાદીથી બનેલો વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્ર ધ્વજ :

૭૭માં પ્રજાસત્તાક પર્વના અવસરે ધોરડો ગામનું વિશ્વ વિખ્યાત સફેદ રણ એક ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યું છે, જ્યાં ખાદીમાંથી બનેલો દુનિયાનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ તિરંગો રાષ્ટ્રીય ગૌરવ સાથે પ્રદર્શિત કરવામાં આવ્યો. ભારતીય સેના અને બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનોએ આ વિશાળ તિરંગાને સલામી આપી હતી.

આ રાષ્ટ્રધ્વજની લંબાઈ ૨૨૫ ફૂટ, પહોળાઈ ૧૫૦ ફૂટ અને કુલ ક્ષેત્રફળ ૩૭,૫૦૦ ચોરસ ફૂટ છે, જ્યારે તેનું વજન અંદાજે ૧૪૦૦ કિલોગ્રામ છે. આ તિરંગાના નિર્માણમાં ૪૬૦૦ મીટર

ખાદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેને તૈયાર કરવામાં ૭૦ કારીગરોએ ૪૯ દિવસ સુધી રાત-દિવસ કાર્ય કર્યું હતું.

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ મનોજ કુમારે આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં આ અંગે વધુ વિગતો આપી હતી.

(બાઈટ- મનોજ કુમાર- ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ-અધ્યક્ષ)

---

## આઈ ખેડુત:

ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ માટે આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ મારફતે મળેલ અરજીઓ પૈકી અનેક અરજીઓ મંજુર કરવામાં આવી છે. પરંતુ, આ મંજુર અરજીઓ માટે કેટલાક ખેડૂતોએ હજુ બિલ ક્લેમ કર્યા નથી. જેથી ખેડૂતોને તાત્કાલિક ક્લેમ અપલોડ કરવા જીલ્લાના નાયબ બાગાયત નિયામક એમ.એસ. પરસાણીયાએ અપીલ કરી છે.

(બાઈટ-એમ.એસ. પરસાણીયા- જીલ્લાના નાયબ બાગાયત નિયામક)

---

## સૃજન-વિન્ટર ફેસ્ટિવલ:

કચ્છની ભાતીગળ સંસ્કૃતિ અને હસ્તકળાને પ્રોત્સાહન આપવા `સૃજન' સંસ્થા દ્વારા એલએલડીસી ખાતે યોજાયેલા વિન્ટર ફેસ્ટિવલમાં કળા અને સંગીતનો અદ્ભુત નજારો જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય સ્તરના કલાકારોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આસામ, મેઘાલય, ઓડિશા, મધ્યપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ત્રિપુરા, નાગાલેન્ડ, ઉત્તરાખંડ તેમજ કચ્છ અને ગુજરાતની પારંપરિક હસ્તકળાઓના 60 જેટલા વિવિધ કારીગરો વચ્ચે `સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં, હસ્તકળાના ટકાઉ ભવિષ્ય અને તેને જાળવી રાખવા માટેના સંયુક્ત પ્રયાસો, જી.આઈ. ટેગનું મહત્ત્વ અને તેના ઉપયોગ અંગે ચર્ચા કરાઇ હતી. કચ્છની પ્રખ્યાત માટીકલાના કારીગરોએ મુલાકાતીઓ સમક્ષ કળાની લાઈવ પ્રસ્તુતિ કરીને

કલારસિકોને જોડયા હતા, તો સાથે સાથે કચ્છી બાંધણી અને અજરખ બ્લોક પ્રિન્ટિંગની પણ જીવંત પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## છારીઢંઢ-યાયાવર પક્ષીઓ:

જીલ્લામાં કડકડતી ઠંડીના દોર વચ્ચે ધોરડોના સફેદ રણમાં પ્રવાસીઓ ઉમટયા છે તો બીજી બાજુ છારી ઢંઢ સરોવર ખાતે દેશ-વિદેશથી આવેલા યાયાવર પક્ષીઓનો જાણે કુંભ મેળો લાગ્યો હોય તેવા મનમોહક દૃશ્યો જોવા મળે છે. હાલ 200 થી 250 પ્રજાતિના દેશ વિદેશના પક્ષીઓએ ઢંઢ સરોવર તેમજ તેની આજુબાજુના વિસ્તારમાં પડાવ નાખ્યો છે.

નખત્રાણા તાલુકાના મોટી વિરાણી નજીક નાની બન્નીના ઢંઢ સરોવર વિસ્તારમાં છીછરા પાણી મોટા પ્રમાણમાં પાણી સાથે ઊભેલા ઘાસીયા મેદાન આ વિદેશી પક્ષીઓની પહેલી પસંદ છે. નાની બન્નીમાં ધામુરના ઘાસના મુડના બીજ કુંજનો ખાસ ખોરાક છે તો મસ્કતી લટોરો પણ બન્નીમાં જારમાં થતી એક જાતની મક આરોગવા ખાસ અહીં આવે છે.

---------------------------------------------------------------------------------------------